Seat No. : _______________

# NF-119

**December-2015**

**B.A., Sem.-V**

**CC - 305 : Gujarati**

**(EA : નરસિંહ મહેતાનાં પદો)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના** : **બધા** જ પ્રશ્નોના ગુણ સરખા છે.

1. આદિ કવિ નરસિંહ મહેતાના જીવન સમયનો વિગતે પરિચય આપો. **14**

**અથવા**

નરસિંહ મહેતાની સાહિત્યસેવાનો વિગતે પરિચય આપો.

2. 'નરસિંહ મહેતાનાં પદો'ને આધારે નરસિંહની કવિ તરીકે સિદ્ધિ-મર્યાદાઓ વર્ણવો. **14**

**અથવા**

'નરસિંહ મહેતાનાં પદો'ને આધારે નરસિંહનું એક ભક્તકવિ તરીકે મૂલ્યાંકન કરો.

3. ગમે તે **બે** ટૂંકનોંધ લખો : **14**

(a) નરસિંહનાં પ્રેમલક્ષણાભક્તિનાં પદો

(b) નરસિંહનાં જ્ઞાનમાર્ગી કવિતાનાં પદો

(c) નરસિંહનાં પદોની ભાષાશૈલી

(d) નરસિંહનાં બાળલીલાનાં પદો

4. વિચારવિસ્તાર કરો : (કોઈપણ **બે**) **14**

(a) 'જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી ?'

(b) 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી.'

(c) 'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે.'

(d) 'ઘાટ ઘડિયાં પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોય.'

5. સૂચના અનુસાર જવાબ લખો : **14**

(1) નરસિંહ મહેતાએ કેદાર રાગ ગાઈ વરસાદ વરસાવ્યો હતો. ખરું કે ખોટું ?

(2) નરસિંહ મહેતા પંદરમા શતકમાં થઈ ગયા ? ખરું કે ખોટું ?

(3) 'જાગને જાદવા' એ નરસિંહનું જાણીતું પ્રભાતિયું છે. ખરું કે ખોટું ?

(4) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ભક્તિ આંદોલનના ઉદ્‌ગાતા કોણ છે ?
(a) મીરાં (b) અખો
(c) નરસિંહ (d) પ્રેમાનંદ

(5) 'ઓ પેલો ચાંદલિયો મા ! મને રમવાને આલો' પદ કૃષ્ણની કઈ લીલાનું છે ?
(a) રાસલીલા (b) બાળલીલા
(c) દાણલીલા (d) એકપણ નહિ

(6) નરસિંહનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(a) જૂનાગઢ (b) તળાજા
(c) પોરબંદર (d) રાજકોટ

(7) ગાંધીજીને નરસિંહનું ________ પદ પ્રિય હતું.
(a) જાગને જાદવા (b) ભૂતળ ભક્તિ પદારથ
(c) વૈષ્ણવ જન તો (d) એકપણ નહિ

(8) 'એવા રે અમે એવા' એ નરસિંહનું પદ ________ પ્રકારનું કહેવાય.
(a) બાળલીલા (b) રાસલીલા
(c) આત્મવૃત્ત (d) ભક્તિબોધ

(9) 'જળકમળ છાંડી જાને બાળા'માં કૃષ્ણએ કોને નાથીઓ ?
(a) કાળીનાગ (b) નાગણ
(c) નટવર (d) એકપણ નહિ

(10) નરસિંહ ઉપર કયા કવિની અસર જોવા મળે છે ?
(a) જયદેવ (b) પ્રેમાનંદ
(c) દયારામ (d) અખો

(11) નરસિંહની ________ કૃતિમાં આખ્યાનના મૂળ જોવા મળે છે.
(a) રાસસહસ્ત્રપદી (b) હૂંડી
(c) સુદામાચરિત્ર (d) મામેરું

(12) 'સખી ! આજની ઘડી રળિયામણી' એ ________ નું પદ છે.
(a) ગોપીભક્તિ (b) કૃષ્ણ-સુદામા
(c) રાસલીલા (d) બાળલીલા

(13) ગોપીઓના મતે કોનું મહાપુણ્ય છે ?
(a) વસુદેવ (b) જશોદા
(c) દેવકી (d) એકપણ નહિ

(14) કયા મધ્યકાલીન કવિને નરસિંહનો અવતાર માનવામાં આવે છે ?
(a) પ્રેમાનંદ (b) અખો
(c) દયારામ (d) દાસી જીવણ

Seat No. : _______________

# NF-119

**December-2015**

**B.A., Sem.-V**

**CC - 305 : Gujarati**

**(EB : ગ્રંથકારનો અભ્યાસ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના : દરેક** પ્રશ્નના ગુણ સરખા છે.

1. હાસ્યનિબંધકાર શ્રી જ્યોતીન્દ્ર દવેના જીવનને ઘડનારાં પરિબળો જણાવી તેમના સર્જન વિશે લખો. **14**

**અથવા**

ગુજરાતી હાસ્યસાહિત્યમાં શ્રી જ્યોતીન્દ્ર દવેએ કરેલા પ્રદાનને મૂલવો.

2. રંગતરંગ (ભાગ-1)માં આલેખાયેલા નિબંધોનું વિષયવૈવિધ્ય દર્શાવી, હાસ્યલેખક તરીકે શ્રી જ્યોતીન્દ્ર દવેનું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

નીચેનામાંથી કોઈપણ **બે** વિશે લખો :

(1) 'મુરબ્બી'ના ઘેલાકાકા

(2) 'મૂછો શા માટે ?' ની સમીક્ષા

(3) 'રંગતરંગ'માં આવતા સાહિત્યવિષયક નિબંધો

(4) જ્યોતીન્દ્ર દવેની ભાષાશૈલી

3. 'રેતીની રોટલી'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

નીચેનામાંથી કોઈપણ **બે** વિશે લખો :

(1) દુકાનનાં પાટિયાં

(2) લેખકની દૃષ્ટિએ માનવીનું 'મોટું દુ:ખ' કયું છે ?

(3) 'સદ્‌ગુણોનો પાયો : અશક્તિ'

(4) લેખકે આલેખેલો માનવસ્વભાવ

4. (a) 'ચોરોના બચાવ' માં સમાજે ચોરોને કરેલો અન્યાય **7**

**અથવા**

'રંગતરંગ' (ભાગ-1)માં પારસી બોલીનો વિનિયોગ

(b) 'પસંદગીનું ક્ષેત્ર જેટલું મોટું તેટલી વધુ મૂંઝવણ' – આ વિધાનને 'પસંદગીની મૂંઝવણ' ના આધારે ચર્ચો. **7**

**અથવા**

'રેતીની રોટલી'માં હાસ્ય સાથે તત્ત્વજ્ઞાનનું આલેખન દર્શાવો.

5. નીચેના પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **14**

(1) જ્યોતીન્દ્ર દવેનો જન્મ ક્યારે થયો હતો ?

(a) 12 ઓક્ટોબર, 1911 (b) 21 ઓક્ટોબર, 1901
(c) 21 ડિસેમ્બર, 1901 (d) 11 ઓક્ટોબર, 1921

(2) જ્યોતીન્દ્ર દવેએ પ્રાથમિકથી કૉલેજ સુધીનું શિક્ષણ ક્યાં લીધું હતું ?

(a) મુંબઈ (b) સુરત (c) અમદાવાદ (d) ભૂજ

(3) જ્યોતીન્દ્ર દવેની પ્રથમ કૃતિ કઈ ?

(a) હાસ્યતરંગ (b) રંગતરંગ
(c) વિષપાન (d) આમાંથી એકેય નહીં

(4) જ્યોતીન્દ્ર દવેએ લખેલ 'વડ અને ટેટા'નું સાહિત્યસ્વરૂપ કયું છે ?

(a) નવલકથા (b) નાટક (c) ટૂંકી વાર્તા (d) નિબંધ

(5) 'રંગતરંગ' ભાગ-1 ક્યારે પ્રકાશિત થયો ?

(a) 1930 (b) 1928 (c) 1932 (d) 1925

(6) 'મારો દર્દી'માં મણિલાલ કયું કામ કરે છે ?

(a) ડૉક્ટર (b) વકીલ (c) કમ્પાઉન્ડર (d) શિક્ષક

(7) 'જગતમાં જેટલા મનુષ્યો સુખી છે તે એમની સલાહ માન્યાને લીધે જ, ને જેટલાં દુઃખી છે તે એમની અવગણનાને પ્રતાપે જ.' એવું કોણ માનતું હતું ?

(a) રસિકલાલ (b) વજીકાકી (c) ઘેલાકાકા (d) જીવરામ

(8) 'આમ શા માટે કરે છે ? તારા આખા વદનમંડળની એક તો ઝાંખી કરાવ ?' આ વિધાન કયા નિબંધમાં આવે છે ?

(a) એ કોણ હતી ? (b) ઘૂંઘટવાળી
(c) લગ્નના ઉમેદવાર (d) અસત્ય

(9) જ્યોતીન્દ્ર દવેને 1941માં કયો ચંદ્રક એનાયત થયો હતો ?

(a) નર્મદ સુવર્ણચંદ્રક (b) મૂર્તિદેવી પુરસ્કાર
(c) રણજિતરામ સુવર્ણચંદ્રક (d) આમાંથી એકેય નહીં

(10) મુંબઈમાં 'ગુજરાત'ના ઉપતંત્રી તરીકે કયા સાહિત્યકાર સાથે એમણે કામ કર્યું હતું ?

(a) સુરેશ દલાલ (b) હરીન્દ્ર દવે
(c) કનૈયાલાલ મુનશી (d) આનંદશંકર ધ્રુવ

(11) 'મારી રીતે બોલવાની કલા કદાચ સૌથી અઘરી કલા છે. એમાં નિપુણતા મેળવવી બહુ જ મુશ્કેલ છે.' આ વાત લેખક કયા નિબંધમાં કહે છે ?

(a) વાતચીતની કલા (b) ગુરુચાવી
(c) વાત કરવાની કળા (d) વિશ્વશાંતિ

(12) 'અનુભવને લીધે માણસ સુધરી શકતો હોત તો આજે કોઈપણ જાતનો સુધારો કરવાની જરૂર ન રહેત' આ વાક્ય લેખક કયા પ્રકરણમાં કહે છે ?

(a) ખાનગી વાત કોણ ફોડે છે ? (b) ખાઉધરો માનવી
(c) મોટું દુઃખ (d) અનુભવનો બોધપાઠ

(13) 'ચિઠ્ઠી નાખીને નક્કી કરવું કે નહિ તે નક્કી કરવા માટે પણ આપણે ચિઠ્ઠી નાખીએ તો કેવું ?' આવી વાત શેમાં આવે છે ?

(a) યાદશક્તિની માપબંધી (b) દિવાળીની ઉજવણી
(c) પસંદગીની મૂંઝવણ (d) પરીક્ષાનાં પ્રશ્નપત્રોની યાદી

(14) જ્યોતીન્દ્ર દવેનું અવસાન કઈ સાલમાં થયું ?

(a) 1980 (b) 1978 (c) 1985 (d) 1975